# ૨.૫ નંદીશ્વર દ્વીપ

આ તીર્થ સદાકાળ માટેનું શાશ્વત તીર્થ ગણાય છે. આ તીર્થ ઉપર ફક્ત દેવ-દેવીઓજ જઈ શકે છે. ત્યાં માનવી જઈ શકતો જ નથી આ તીર્થમાં સ્વર્ગલોકના દેવ-દેવીઓ અને ઈન્દ્ર મહારાજા પરમાત્માની ભક્તિ કરવા વારંવાર આવે છે, તીર્થંકર કલ્યાણકોની મહોત્સવરૂપે ઉજવણી કરવા અતિવિશાળ સંખ્યામાં દેવો પધારતાં હોય છે. દેવભગવંતો અને મેરૂપર્વત ઉપર કર્યા પછી અવશ્ય - આઠ - આઠ દિવસ સુધી (અઠ્ઠાઈ) હર્ષભેર મહોત્સવ  કરે છે. અને દેવ દેવીઓનું ક્રીડા - આનંદનું જે મનોહર - રમણીય સ્થળ છે તથા જે તીર્થનો મહિમાં અતિશય ગવાયો છે, તે છે શ્રી નંદીશ્વરદ્વીપ તીર્થ.

આ તીર્થ અઢીદ્વીપની બહાર છે (પહેલાં જંબુદ્વીપ તેને ફરતો લવણ સમુદ્ર, બીજો ઘાતકીખંડદ્વીપ તેને ફરતો કાલોદધિ સમુદ્ર. ત્રીજો પુષ્કરવર દ્વીપ તેને ફરતો પુષ્કરવર સમુદ્ર, ચોથો વારુણીવર દ્વીપ તેને ફરતો વારુણીવર સમુદ્ર, પાંચમો ક્ષીરદ્વીપ તેને ફરતા ક્ષીર-સમુદ્ર, છઠ્ઠો ઘૃત દ્વીપ તેને ફરતો ઘૃત સમુદ્ર, સાતમો ઈક્ષુ દ્વીપ તેને ફરતો ઈક્ષુ સમુદ્ર અને તેને ફરતો આઠમો નંદીશ્વર દ્વીપ આવેલો છે.)

સાતમા ક્ષીર સમુદ્રની ફરતા વલયાકારે નંદીશ્વર દ્વીપ વિસ્તારમાં બધી બાજુ એક અબજ ત્રેસઠ ક્રોડ ચોર્યાસી લાખ યોજન (૧,૬૩,૮૪૦૦૦૦૦ લાખ) ના વિસ્તારવાળો છે. તેમાં સ્થાને સ્થાને પદ્મવર વેદિકાઓ વન, ખંડો નાની, મોટી વાવડીઓ, વાવો, સર્વ ૨૮ રમણીય રત્નમય પર્વતો, આસનો વગેરે આવેલ છે.

- નંદીશ્વર દ્વીપનાં અધિષ્ઠાયક દેવો છે (૧) કૈલાસ અને (૨) હરિવાહન.
- આ દ્વીપમાં ચાર દિશામાં ચાર, અંજનરત્નમય અંજનગિરિ પર્વત છે. પૂર્વ દિશામાં દેવરમણ, દક્ષિણ દિશામાં નિત્યોદ્યોત, પશ્ચિમ દિશામાં સ્વયં પ્રભ, ઉત્તર દિશામાં રમણીય નામનો અંજનગિરિ પર્વત છે. વળી આ ચારે પર્વત ૮૪૦૦૦ યોજન ઉંચા અને ૧૦૦૦ યોજન જમીનમાં ખૂંપેલા છે એટલે ૮૫૦૦૦ યોજનનાં આ એક - એક પર્વત છે. તથા આ પર્વતો જમીન પર ૧૦૦૦૦ યોજન વિસ્તાર વાળા અને ઉપર ટોચ-શિખર ભાગે ૧૦૦૦ યોજન વિસ્તારવાળા છે.
- આ અંજનગિરિની ચારે દિશા તરફ એક એક લાખ યોજનને અંતરે એકેક લાખ યોજન લાંબી પહોળી તેથી જ વિરાટ સ્વરૂપનું દિગ્‌દર્શન કરાવતી વાવડીઓ છે.
- એક અંજનગિરિની અપેક્ષાએ ચાર વાવડીઓ હોવાથી ચાર અંજનગિરિની અપેક્ષાએ સોળ (૧૬) વાવડીઓ થાય છે. આ વાવડીઓની ચારે દિશાએ ૫૦૦ યોજન દૂર જઈએ ત્યારે એક લાખ યોજન લાબું એક વન આવે છે એટલે કે વાવડીને ચારે બાજુ વનો હોવાથી એક અંજનગિરિની સોળ વાવડીઓનાં થઈ કુલ ૬૪ (ચોંસઠ) વનો થાય.
- આ વાવડીના સોળ વનો થાય. આ વાવડીના મધ્યકૂપ ઉપર સ્ફટિક રત્નમય ઉજ્જવલ વર્ણના ૬૪૦૦૦ યોજન ઊંચા, ૧૦૦૦ યોજન ઊંડા ગયેલા અને ધાન્યના પ્યાલનાની માફક વર્તુલાકારે રહેલા 'દધિમુખગિરિ'ઓ આવેલા છે. એકંદર સોળ વાવડીઓ હોવાથી 'દધિમુખ' પર્વત પણ સોળ હોય છે અને પ્રત્યેક ઉપર એકેક શાશ્વત જિનચૈત્ય હોય છે.

- આ અંજનગિરિની ચારે દિશામાં જે વાવડીઓ કહી તેમાં એક વાવડીમાંથી બીજી વાવડીએ પહોંચતા વચગાળાના ભાગે બે બે રતિકર પર્વતો આવેલા છે. સોળ વાવડીઓનાં આંતરાના બત્રીસ (૩૨) રતિકર થાય છે. પ્રત્યેક ઉપર એક એક શાશ્વત જિન ચૈત્ય છે.
- આ અંજનગિરિ પર્વતનાં ઉપરનાં મધ્ય ભાગમાં સિદ્ધાયતન (શ્રી જિનભવન) છે. તે ૧૦૦ (સો) યોજન લાંબું, ૫૦ (પચાસ) યોજન પહોળું, ૭૨ યોજન (બોંતેર) યોજન ઊંચું અનેક મણિમય સ્તંભોથી યુક્ત સુધર્માસભાના વર્ણનવાળું છે.
- મંદિરનાં મધ્યભાગમાં ૧૬ યોજન લાંબી પહોળી ૮ યોજન ઊંચી મણિ પીઠિકા છે. તેનાં ઉપર રત્નમય – દેવ છંદક ગભારો છે તેની ચારે દિશામાં ઉત્સેધ આંગળનાં ૫૦૦ ધનુષ પ્રમાણવાળી, પર્યંકાસને (પદ્માસને) બિરાજમાન ૨૭–૨૭ જિન મૂર્તિઓ છે ચારે દિશામાં થઈ ૧૦૮ જિન મૂર્તિઓ છે.
- દરેક જિનમૂર્તિની આગળ બે –બે યક્ષ નાગ–ભૂત અને કુંડધારી દેવની પ્રતિમા અને બે બાજુ ચામર ધારી અને પાછળનાં ભાગમાં એક છત્ર ધારી દેવની પ્રતિમા વગેરે હોય છે.
- તે ઉપરાંત શ્રી જિનભવનનાં દ્વારની આગળ એક એક મુખ મંડપ છે. દરેક મુખમંડપની આગળ અતિશય સુંદર અને રમણીય પ્રેક્ષા મંડપો છે. આ પ્રેક્ષામંડપની આગળ મણી પીઠિકા છે. તેનાં ઉપર સફેદ રંગનો સુંદર ચૈત્ય સ્તૂપ છે.
- સ્તૂપની ચારે દિશામાં એક–એક મણિ પીઠિકા છે તેના ઉપર ઉત્સેધ આંગળનાં ૫૦૦ ધનુષ્યનાં પ્રમાણવાળી પર્યંકાસને બેઠેલી રત્નમય સ્તૂપ તરફ મુખવાળી પૂર્વ દિશામાં શ્રી ઋષભદેવ દક્ષિણમાં શ્રી વર્ધમાન, પશ્ચિમ દિશામાં શ્રી ચંદ્રાનન, ઉત્તર દિશામાં શ્રી વારિષેણ, નામની ચારશાશ્વતી જિનમૂર્તિ રહેલી છે.
- આ જિનભવનમાં ૧૦૮ પ્રતિમા અને ચારે દિશાનાં ૪ સ્તૂપની ચારે બાજુની ૪–૪ મળી ૧૬ કુલ ૧૦૮+૧૬=૧૨૪ શ્રી જિન મૂર્તિઓ છે.
- આ પ્રમાણે દરેક પર્વતો ઉપર  એક એક જિનાલય છે. ચાર અંજન ગિરિ, સોળ દધિમુખ, બત્રીસ રતિકર પર્વતો એમ મળીને કુલ બાવન (૫૨) શાશ્વત જિનાલયો શાશ્વતી જિનપ્રતિમાઓથી સુશોભિત આવેલાં છે. જે દરેક દિશામાં ૧૩–૧૩ થાય છે તે રીતે એક અંજનગિરિ, તેને ફરતાં ચાર દધિમુખ અને તેની વચ્ચે બે – બે થઈ આઠ – રતિકર પર્વત એમ કુલ તેર જિનાલય એક દિશામાં છે. જેનું વર્ણન સિદ્ધાંતમાં સુંદર રીતે આપવામાં આવેલું છે.
- સૌધર્મેન્દ્ર પૂર્વ દિશામાં અંજન ગિરિ ઉપર ઉત્સવ કરે છે. ચમરેન્દ્ર દક્ષિણ દિશાનાં અંજનગિરિ પર, ણણ બલિન્દ્ર પશ્ચિમ દિશાનાં અંજનગિરિઉપર અને ઈશાનેન્દ્ર ઉત્તર દિશાનાં અંજનગિરિ ઉપર પ્રભુના કલ્યાણકોનો ઉત્સવ કરે છે.

વર્તમાન કાળે શાશ્વતા ગિરિરાજ ઉપર આ તીર્થની આબેહૂબ પ્રતિકૃતિ જોવા મળે છે નવટુંક પૈકી ઉજમફઈની ટુંકમાં સફેદ દૂધ જેવા સંગેમરમરના આરસ પહાણમાં સુંદર નકશીદાર જાળીઓથી બનાવેલું નંદીશ્વર દ્વીપનું અતિભવ્ય જિનમંદિર પોતાનો આગવો પ્રેરણાપ્રદ ઈતિહાસ ધરાવે છે.

હેમાભાઈ ને સાતભાઈ વચ્ચેની એકની એક બેન, વખતચંદશેઠની દીકરીના લગ્નમાં ૫૦૦ ગાડા ભરાય તેટલું કરીયાવર આપવાનું બન્યું કેમ કે તે પ્રેમાભાઈની ફોઈ ઉજમબેન તરીકે પ્રસિદ્ધ હતાં. આ ઉજમબેને

અધધધ કહી શકાય તેટલું આણું જોયા પછી પણ પ્રસન્ન કે આનંદિત ન બન્યાં અંતે પ્રેમાભાઈએ પુછ્યું કે શું મળે તો રાજી થાવ? ત્યારે ઉજમ ફોઈએ કહ્યું કે શત્રુંજય ઉપર નંદીશ્વર દ્વીપનું દહેરું કરી આપો તો રાજી થાવ, આ કરીયાવરમાં જિનમંદિર માંગનારા અને તે પણ નંદીશ્વરદ્વીપનું શાશ્વતનું જિનાલય તૈયાર કરાવનાર ભારતભરમાં એક માત્ર સિદ્ધાચળના શિખરે જોવા મળે છે. જેની પ્રતિષ્ઠા વિ. સં. ૧૮૮૯ના વૈશાખ વદિ તેરસે રંગે ચંગે ઉમંગે થઈ અને એ ટુંકનું નામ ઉજમફઈની ટુંક તરીકે પ્રસિદ્ધ થયું. આ શ્રી નંદીશ્વરદ્વીપમાં સત્તાવન ચૌમુખજી (ચારેય દિશામાં એક એક ભગવાનની પ્રતિષ્ડા થઈ, બીજું અમદાવાદ દોશીવાડાની પોળમાં પણ પછીથી શ્રી નંદીશ્વરદ્વીપની પૂર્ણ રચના થઈ.

## "નંદીશ્વર દ્વીપ પર નિર્વાણ મહોત્સવ"

- પ્રથમ તીર્થંકર ઋષભદેવ પરમાત્માનું નિર્વાણ થઈ ગયા બાદ ઇંદ્રો-દેવોએ આવી અગ્નિસંસ્કાર કર્યો અને ત્યારબાદ તે બધાં જ ઇંદ્રો અને દેવો નિર્વાણ-મહોત્સવ ઉજવવા નંદીશ્વર દ્વીપ પર ગયા.
- નંદીશ્વર દ્વીપ પર જઈ તેઓ આઠ દિવસનો મહોત્સવ કરે છે. તેથી જ 'અષ્ટાહિનકા-અઠ્ઠાઈ મહોત્સવ'નો મહિમા વધુ છે.
- નંદીશ્વર દ્વીપમાં ૫૨ (બાવન) પર્વતો છે અને એ બાવન પર્વત પર એકેક જિનાલય હોવાથી ૫૨ (બાવન) જિનાલય છે. અને તેથી જ 'બાવન જિનાલય'નો વધુ પ્રભાવ છે.
- સૌધર્મેન્દ્રના ચાર લોકપાલોએ, પૂર્વદિશામાં રહેલ અંજનગિરિની ચાર દિશામાં રહેલા ચાર દધિમુખ પર્વત પર રહેલાં જિનાલયોમાં 'અઠ્ઠાઈ મહોત્સવ' ઉજવ્યો.
- એ પ્રમાણે ઈશાનેંદ્રે ઉત્તર દિશામાં રહેલા અંજનગિરિ પર અને તેની ચાર દિશામાં રહેલા દધિમુખ પર્વત પર ઈશાનેંદ્રનાં ચાર લોકપાલોએ 'અઠ્ઠાઈ મહોત્સવ' ઉજવ્યો.
- ચમરેંદ્રે દક્ષિણ દિશામાં અંજનગિરિ પર અને તેની ચાર દિશામાં રહેલાં ચાર દધિમુખ પર્વત પર ચમરેંદ્રનાં ચાર લોકપાલોએ 'અઠ્ઠાઈ મહોત્સવ' ઉજવ્યો.
- બલીન્દ્રે પશ્ચિમ દિશામાં રહેલા અંજનગિરિ પર અને તેની ચાર દિશામાં રહેલાં દધિમુખ પર્વત પર બલીન્દ્રનાં ચાર લોકપાલોએ 'અષ્ટાહિનકા મહોત્સવ' ઉજવ્યો.
- બાકીના ઇંદ્રો અને દેવોએ બત્રીસ રતિકર પર્વતો પર અઠ્ઠાઈ મહોત્સવ ઉજવ્યો.

jainuniversity.org